# ભાજપ-કોંગ્રેસે કાઉન્સીલરોને અપાતી ગ્રાન્ટમાં વધારો કરવા સુચવ્યુ

ગાંધીનગર, તા. ૧૩

ભાજપ અને કોંગ્રેસના કાઉન્સીલરો દ્વારા વિસ્તારમાં વિકાસના કામો માટે આપવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કરવાની માંગ કરી છે. આ વધારો રૂ. ૧ લાખથી ૨ લાખ સુધીનો કરવાનો પણ સુઝાવ રજુ કર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ૧૯મીએ બજેટની મંજૂરી માટે મળનારી બેઠક માટે ભાજપ-કોંગ્રેસ બન્ને દ્વારા સુધારા દરખાસ્તો રજુ કરવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ અને ભાજપ બન્નેએ કાઉન્સીલરોને અપાતી ગ્રાન્ટમાં વધારો કરવાનું સૂચવ્યુ છે જે એક નોંધનીય વાત છે એટલુ જ નહિ બન્ને પક્ષના કાઉન્સીલરોએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર માટેની ગ્રાન્ટમાં વધારો કરવાનુ પણ સૂચવ્યુ છે.

મનપાએ પોતે જ રોડની મરામત અને જાળવણી નિભાવણીનું કામ કરવુ જોઈએ તેવો આગ્રહ વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા અને હસમુખ મકવાણાએ કર્યો છે.

કોંગ્રેસ પક્ષ તરફથી દરેક સેક્ટરોમાં સીટીબસ માટેના બસસ્ટેન્ડ બનાવવા માટે રૂ. ૬ કરોડની જોગવાઈ કરવાનો સુધારો રજુ થયો છે. કોંગ્રેસ પક્ષ દ્વારા જ નાના ભૂલકાંઓના થતા મરણને લઈ તેમને દાટવાની વિધિ થાય છે તે સ્થળને રક્ષિત કરવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવાનો સુધારો પણ રજુ થયો છે.

કોંગ્રેસના શૈલેન્દ્રસિંહ બિહોલા અને અંકિત બારોટે કર-દરમાં સુધારો કરવાની દરખાસ્ત રજુ કરી છે. જેમાં વાણિજ્ય વિસ્તારમાં લેવાતો સફાઈ વાણિજ્યનો પ્રકાર તેમજ ધંધાના પ્રકારને વર્ગીકૃત કરી ક્ષેત્રફળ આધારિત કરવા માંગ કરી છે. તેમણે મનપા દ્વારા હાલમાં વાણિજ્ય વિસ્તારમાં સફાઈવેરો તેમજ ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન ચાર્જ સમાનદરે વસુલવામાં આવે છે તેમાં સુધારો કરવા આ દરખાસ્ત રજુ કરી છે.

આ ઉપરાંત દરેક સેક્ટરની પ્રાથમિક શાળા સ્માર્ટ શાળા બનાવવા માટે રૂ. ૪ કરોડની વિશેષ જોગવાઈ કરવા સાથે શાળા મનપા દત્તક લે તેવો સુધારો રજુ કર્યો છે.



સુશોભન : શહેરના સૌંદર્યમાં વધારો કરતાં સેન્ટ્રલ વિસ્ટાના ફૂલ-છોડને વધુ આકર્ષક સ્વરૂપ આપવા નિયમિત ટ્રીમીંગ થાય છે. ચ-માર્ગ અને ઘ-માર્ગ પર વિશિષ્ટ પ્રકારના રંગવાળા ફુલ-છોડ રોપાયા છે. અગાઉના વર્ષના અનુભવમાંથી પાઠ શીખીને હવે ફૂલ-છોડની જાળવણી નિયમિત રીતે થઈ રહ્યાનો અહેસાસ શહેર અનુભવે છે. આકર્ષક રંગબેરંગી ફૂલોથી શહેરના રાજમાર્ગની શોભા વધે છે.

## છેલ્લે.. છેલ્લે..

- રાજયના મહેસુલમંત્રી કૌશિક પટેલને ન્યુમોનિયાની અસર થતાં સારવાર માટે સાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- કેન્દ્રિય રક્ષામંત્રી નિર્મલા સીતારામન ૨૨મીએ ગુજરાત આવશે. તેઓ બીન સરકારી સંસ્થાના કાર્યક્રમમાં હાજરી આપવાના છે.
- મહેસાણા જિલ્લાની બે તાલુકા પંચાયતો ઊંઝા અને મહેસાણામાં કોંગ્રેસ પક્ષમાં બળવો થતાં બંને તાલુકા પંચાયતો ગુમાવવાની નોબત આવી છે.
- દક્ષિણ ગુજરાતના માંડવી ખાતે ભાજપના કલસ્ટર સંમેલનમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસે કાર્યકરોને સંબોધન કર્યુ હતુ.
- પાટીદાર અનામત આંદોલનના નેતા અલ્પેશ કથીરીયા લોકસભાની ચૂંટણી લડે એવી શક્યતા જણાઈ રહી છે.
- સુરતમાં ડ્રાઈવરે કાબુ ગુમાવતા વિદ્યાર્થી ભરેલો ટેમ્પો પલ્ટી ખાતા સર્જાયેલા અકસ્માતમાં ૪૦ વિદ્યાર્થીઓને ઈજાઓ થઈ હતી.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક ટેન્ટ સીટીના ગોડાઉનમાં પ્રચંડ આગ લાગી હતી. વહેલી સવારે ત્રણ વાગે લાગેલી આગમાં ખુબ મોટુ નુકશાન થયુ હોવાના અંદાજ છે.
- દેશભરમાં ચર્ચાસ્પદ બનેલ નેતા કન્હૈયાકુમાર આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતા. તેમણે જીગ્નેશ મેવાણી અને હાર્દિક પટેલ સાથે સંયુક્ત કોન્ફરન્સ સંબોધી હતી.
- વડોદરામાં ૧૮,૫૦૦ની ડુપ્લીકેટ નોટો સાથે બેની ધરપકડ કરાઈ
- કોંગ્રેસના ધારાસભ્ય પરસોત્તમ સાબરિયાને મોરબી સિંચાઈ કૌભાંડના વચગાળાના જામીન મળ્યાં.

# કોર્મશિયલ બિલ્ડીંગો આસપાસના પાર્કીંગની ડિઝાઈન બદલાશે

**વધુ વાહનો પાર્ક થાય તેવી ડિઝાઇન તૈયાર કરવામાં આવશે : પેચીદી બનતી પાર્કીંગની સમસ્યા માટે દબાણોનો અડ્ડો દુર કરવાનુ પણ અનિવાર્ય**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં પાર્કીંગ પ્લેસ પર દબાણોએ અડ્ડો જમાવતા પાર્કીંગની સમસ્યા વધુ જટીલ બની છે.વાહનચાલકોને વાહનો પાર્ક કરવા માટે પણ જગ્યા મળતી નથી. બીજીતરફ પાર્કીંગ પ્લેસની ડિઝાઈન પણ અનુરૂપ ન હોવાથી તંત્ર દ્વારા આ ડિઝાઈનમાં સુધાર લાવવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. આ મામલે વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી નવી ડિઝાઈન આખરી કરવામાં આવશે.

ગાંધીનગરમાં પાર્કીંગ સેન્સના નામે મીંડુ ચિતરાયેલુ છે. જયારે શહેરમાં ટ્રાફિક સિગ્નલ લગાવાયા બાદ હજુ પણ ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે અકસ્માતોના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. બીજીતરફ પાર્કીંગ સેન્સના અભાવ વચ્ચે વાહનચાલકો પાર્કીંગના મામલે સર્જાતી અવ્યવસ્થાના લીધે પણ પરેશાન છે. શહેરના જાહેર સ્થળોએ પાર્કીંગની વ્યવસ્થા ખાડે ગયેલી છે. નગરની સરકારી કચેરીઓમાં પણ પાર્કીંગ વ્યવસ્થાના મામલે અસુવિધા જોવા મળી રહી છે. બહારથી આવતા મુલાકાતીઓએ પણ હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે નગરના કોર્મશિયલ વિસ્તારોમાં પણ વાહન પાર્કીંગ માટે જગ્યા મળતી નથી. શહેરના અસ્તિત્વ કાળથી પાર્કીંગ સુવિધાના મામલે કોઈ આયોજન કરાયુ નથી. અલબત્ત સે-૧૧ અને સે-૧૬ માં તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસ પણ બિનઉપયોગી પુરવાર થયા છે. લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર દબાણોએ અડ્ડો જમાવ્યો છે. આમ પણ આ પાર્કીંગ પ્લેસ પર દબાણો ગોઠવાતા વાહનો મુકવાની જગ્યા પણ મળતી નથી.જયારે સાંકડા સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો થતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આવા સંજોગોમાં પાર્કીંગ માટે તૈયાર કરાયેલી ડિઝાઈન પણ યોગ્ય ન હોવાથી પાર્કીંગની સમસ્યા વધુ જટીલ બની છે. જેને અનુલક્ષી હવે તંત્ર દ્વારા પાર્કીંગની ડિઝાઈન બદલવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેથી પાર્કીંગ પ્લેસમાં વધુ વાહનો પાર્ક થઈ શકે પરંતુ દબાણોની સમસ્યાને હજુ પણ નજર અંદાજ કરવામાં આવી રહી છે. નાટકીય ઝુંબેશના અંતે આ સ્થળે દબાણો ફરીથી ગોઠવાઈ જાય છે. પરંતુ આ સ્થિતિમાં સુધાર લાવવા માટે તંત્ર દ્વારા પાર્કીંગ પ્લેસની ડિઝાઈનમાં સુધાર લાવવા માટે આયોજન કરાયુ છે. જયારે વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણાના અંતે ટુંકમાં નવી ડિઝાઈનને મંજુરી આપવામાં આવશે ત્યારબાદ પાર્કીંગ પ્લેસને અનુલક્ષી નવી ડિઝાઈન મુજબ કામગીરી હાથ ધરાશે.

# બજેટ માટે ભાજપ સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખની સંયુક્ત બેઠકમાં જૂથબંધી બહાર આવી

ગાંધીનગર, તા. ૧૩

મનપાના બજેટને લઈ આજે ભાજપના ચૂંટાયેલા સદસ્યો અને સંગઠ્ઠનના હોદ્દેદારોની મળેલ બેઠકમાં ભાજપની આંતરિક જૂથબંધીના વરવા દશ્યો સર્જાયા હતા. આ બેઠકમાં સામ-સામે થયેલા વાક્યુદ્ધને લઈ સભ્યોમાં નિરાશા વ્યાપી જવા પામી હતી.

આ બેઠકમાં મહિલા મિલ્કતધારકોને એડવાન્સ ટેક્સ ભરે તો વધુ વળતરની વાત રજુ કરાઈ હતી આ ઉપરાંત સેક્ટરને ફરતી દિવાલ બનાવવાની દરખાસ્ત પણ સભ્યોએ વિચારણામાં લીધી હતી.

બેઠકમાં સભ્યોને વિકાસકામો માટે અપાતી ગ્રાન્ટમાં વધારો કરવામાં આવે તેમજ સ્મશાનના રિનોવેશનની કામગીરી માટે ફંડ વધુ ફાળવવાને લઈ પણ ચર્ચાઓ થઈ હતી.

આ બેઠકમાં બજેટના કર-દરમાં સુધારા કરવા માટે પણ આગ્રહ કરવામાં આવ્યો હતો. જોકે સામાન્ય સભામાં કર-દરમાં સુધારા-વધારા સિવાય વિકાસના કામો સૂચવવા પર જ ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે સાથે સુધારા-વધારા કર-દરમાં થઈ શકશે નહિ તેવા કરાયેલા ઠરાવને લઈ પણ સામસામી ઉગ્ર ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

શહેર સંગઠ્ઠનના હોદ્દેદારોની હાજરીમાં જ ચૂંટાયેલી પાંખના સભ્યો વચ્ચે થયેલા શાબ્દીક યુદ્ધને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. જોકે બેઠક શાંતિપૂર્ણ સંપન્ન થઈ હોવાનું ભાજપના નેતાઓ કહી રહ્યા છે. વિકાસને અગ્રતા અપાશે એ પક્ષનું લક્ષ્ય છે. જોકે આવકના નવા સાધનો ઉભા કરવાના મુદ્દે પક્ષના ચૂંટાયેલા તેમજ સંગઠ્ઠનના આગેવાનોએ મૌન રહેવાનુ વધુ પસંદ આ બેઠકમાં કર્યુ હતુ.

# કિસાન સન્માન નિધિ માટેનું સર્વર ઠપ્પ

કિસાન સન્માન નિધિ યોજનાને લઈ અરજીઓ નોંધવા માટેનું સર્વર ઠપ્પ થઈ જતુ હોવાની તેમજ કનેક્ટીવીટીને લઈ થઈ રહેલી સમસ્યાઓ તંત્ર માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. રાજ્યભરમાંથી આ સર્વર પર નોંધણી માટેની ચાલી રહેલી કામગીરીને લઈ સર્વર ઠપ્પ થઈ જતુ હોવાની તેમજ ગ્રામીણ વિસ્તારમાંથી કનેક્ટીવીટી નહિ મળતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

આ ફરિયાદોને પગલે જિલ્લા કલેક્ટર લાંગાએ પણ ખાસ બેઠક બોલાવી હતી તો રાજ્યના મુખ્ય સચિવશ્રીએ પણ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા માટે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી હોવાનુ જાણવા મળેલ છે. જિલ્લામાં છેલ્લા ૪ દિવસમાં પાંચ હજારથી વધુ ખેડૂતોનું સન્માન નિધિ માટે રજીસ્ટ્રેશન થયુ છે. રાત્રે સર્વર પરનું ભારણ ઓછુ થતાં તંત્ર દ્વારા હવે દિવસે અરજીઓનો સ્વીકાર રાતના સમયે એન્ટ્રી રજીસ્ટ્રેશન કરવાની વ્યુહરચના અપનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ માટે તંત્ર હાલ મિશનમોડ પર તેની કામગીરી કરી રહેલ છે.




સર્કલની જાળવણી : શહેરના ચ-માર્ગ પર મહત્ત્વનું સ્થાન ધરાવતા ચ-૩ના સર્કલ પર લાઈટીંગની વ્યવસ્થા નવેસરથી ગોઠવવાનું આયોજન કરાયું. ટ્રાફિક અને કેમેરાની સાથોસાથ લાઈટીંગની વ્યવસ્થા પણ અસરકારક રીતે ગોઠવવી અનિર્વાય છે ત્યારે સર્કલની ત્રણે પ્રકારના વાયરોનું જોડાણ ઠીકઠાક કરવા બુધવારના દિવસ દરમિયાન કામગીરી ચાલી હતી.

# પીંડારડામાં કરોડોના ખર્ચે ઈકો પાર્ક નિર્માણ કરાશે ટુંકમાં ફેન્સીંગનુ કામ શરૂ થશે

**પીંડારડામાં વનતંત્રને ફાળવવામાં આવેલ ૬૮ હેકટર જમીનમાં તલાવડી, ચેકડેમ તેમજ ફરતે નવા રોપાઓની વાવણી કરાશે**

ગાંધીનગર તા ૧૩

વનતંત્ર દ્વારા પીંડારડામાં ઈકો પાર્ક બનાવાશે. જયારે આ માટ આ વિસ્તારમાં વનતંત્રને ૬૮ હેકટર જમીન ફાળવવામાં આવી છે. આ અન્વયે વનતંત્ર દ્વારા પ્રથમ તબક્કામાં ફેન્સીંગની કામગીરી પણ હવે ટુંકમાં શરૂ કરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે. આ ઠેકાણે વન તલાવડી પાણીનો બોર તેમજ ફરેત નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવશે. આ અન્વયે આગામી દિવસોમાં પ્લાન તૈયાર કરવામાં આવશે.

પીંડારડામાં ઈકો પાર્ક નિર્માણ કરવા માટે વનતંત્રને ૬૮ હેકટર જમીનની ફાળવણી કરવામાં આવી છે.જયારે આ ઠેકાણે આ કાર્યયોજના અન્વયે કામગીરી હાથ ધરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવશે. પ્રથમ તબક્કમાં આ ઠેકાણે ફેન્સીંગનુ નિર્માણ કરાશે. જયારે આ અન્વયે વનતંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશો હાલ વનતંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં પણ વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ છે. જયારે અન્ય માર્ગોની આસપાસ પણ ફેન્સીંગની કામગીરી હાથ ધરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ કામને મંજુરી આપી દેવાયા બાદ આગળની કામગીરી હાથ ધરાશે. બીજીતરફ વનતંત્ર દ્વારા પીંડારડામાં પણ ઈકો પાર્કના નિર્માણ માટે તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. કલેકટર કક્ષાએથી જમીન ફાળવણીના અંતે વનતંત્ર દ્વારા વન તલાવડી બનાવવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ તલાવડીને અનુલક્ષી પાણીનો બોર પણ બનાવાશે.

# આજે તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે બપોરે બે વાગે ખાસ સામાન્ય સભા મળશે. શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં ૨૦૧૮-૧૯નું સુધારેલુ બજેટ તેમજ ૨૦૧૯-૨૦નું અંદાજપત્ર અવલોકન માટે જિલ્લા પંચાયતને મોકલવાનો મુદ્દો એ એજન્ડાનો મુખ્ય મુદ્દો છે. આ ઉપરાંત સામાજિક ન્યાય સમિતિની બેઠકમાં મંજૂર થયેલા કામોને બહાલી આપવાની બાબત પણ એજન્ડામાં સમાવવામાં આવી છે. બજેટમાં આ વખતે કેવા ફેરફાર કરવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. આ ઉપરપાંત સી.સી. રોડના અને અન્ય કામો જે હાલ સ્થગિત થયેલા છે તેને લઈ પણ બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યુ છે.

# આજે રાહુલ ગાંધી ગુજરાતના ધરમપુરથી ચૂંટણી પ્રચાર આરંભશે

**રાહુલ રાફેલ ડિલ, ખેડૂતો, બેરોજગારી સહિતના મુદ્દાઓ પર મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરશે**

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં આગામી લોકસભાની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકવા આવતીકાલે બપોરે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આવી રહ્યા છે. તેઓ ધરમપુરના લાલ ડુંગરી મેદાન ખાતે બપોરે એક વાગ્યે જનઆક્રોશ રેલીને સંબોધશે. આ રેલીમાં જંગી માનવ મેદની ઊમટી પડવાની શક્યતા હોઈ પક્ષમાં ભારે ઉત્સાહ ફેલાયો છે. આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રચાર ઝુંબેશનો દબદબાભેર પ્રારંભ કરવા રાહુલ ગાંધી આવતીકાલે દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુરમાં યોજાનારી જનઆક્રોશ રેલીને સંબોધવાના છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી, પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, અન્ય અગ્રણી મોહનસિંહ રાઠવા, શૈલેશ પરમાર તેમજ દક્ષિણ ગુજરાતના પક્ષના ધારાસભ્ય અને આગેવાન જનઆક્રોશ રેલીના આયોજનને લઈ હાલ ધરમપુર ખાતે છે. દરમ્યાન કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, આવતીકાલની રેલી ધરમપુરના ઐતિહાસિક લાલ ડુંગરી મેદાનમાં યોજાશે. રેલી માટે પક્ષના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને રાજ્યસભાના સંસદ સભ્ય અહમદ પટેલ અમદાવાદ આવી પહોંચ્યા છે. તેમની સાથે આવતી કાલની રેલીમાં પક્ષના પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ પણ જોડાશે. જાણકાર સૂત્રો કહે છે કોંગ્રેસ માટે ધરમપુરનું લાલ ડુંગરી મેદાન ઐતિહાસિક પુરવાર થયું છે. આ મેદાન ખાતે અગાઉ ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને સોનિયા ગાંધીને જે તે સમયની લોકસભાની ચૂંટણી અગાઉ વિશાળ રેલીને સંબોધી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com